જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૮/૨૦૧૯ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૬/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૫ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૨૮૨ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૧૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૮૫,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૭/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૮/૧૯**

**નરોડાઃ** તા.૧૮/૦૮/૧૯ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે (૧) અંકીત જોગેંદ્ર શર્મા (ઉ.વ.૬)અને (૨) વિજય ગોપાલભાઇ ઠાકોર (ઉ.વ.૮) (બન્ને રહે. રબારીવાસ ઢાકણીપુરા નાના ચિલોડા નરોડા) રહેણાંક નજીક વોટર વર્કસ આગળ ખુલ્લી જગ્યામા ક્રિકેટ રમતા હતા ત્યારે ઈલેકટ્રીક લોખંડના થાભલાને અડકી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૯/૧૯**

**જીઆઈડીસી વટવાઃ** કીશન રોહીતભાઇ રાવળ (ઉ.વ.૨૭) (રહે.હીલ પાર્ક સોસાયટી વિઠ્ઠલનગરનો ટેકરો જસોદાનગર જીઆઇડીસી વટવા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૧૯ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી યુ.કે.જાદવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.